dakshinayan दक्षिणायन
UNIVERSITY NEWS LETTER
B++ NAAC Accredited University
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
July 2009 For private circulation only Vol. 01 - Issue 14

**Don't bother just to be better then your contemporaries or predecessors. Try to be better than yourself. - William Faulkner**

**We need to be led by a vision of the future as opposed to being pushed by the problems of the present. - Methodist Bishop**

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચક મિત્રો,

ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રની સંસ્થાઓની ગુણવત્તાનું મૂલ્યાંકન અને પ્રત્યાયનની કામગીરી બે સંસ્થાઓ દ્વારા કરવામાં આવે છે. યુ.જી.સી. દ્વારા પ્રસ્થાપિત નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સિલ (નેક) દ્વારા શૈક્ષણિક સંસ્થાનું સમગ્રતયા મૂલ્યાંકન કરવામાં આવે છે. જયારે ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજયુકેશન દ્વારા પ્રસ્થાપિત નેશનલ બોર્ડ ઓફ એક્રેડિટેશન (એનબીએ) દ્વારા ટેકનિકલ અભ્યાસક્રમોનું મૂલ્યાંકન કરવામાં આવે છે. બન્ને સંસ્થાઓ દ્વારા ગુણવત્તા સુધારણા માટેના અભિયાનમાં સ્વમૂલ્યાંકન પર ભાર મૂકાયો છે.

ગુણવત્તાની બાબતમાં વિશ્વ સ્તરની વાત કરીએ તો ચીનની શાંઘાઈ સ્થિત જિઓ ટોન્ગ યુનિવર્સિટીના ઈન્સ્ટિટયૂટ ઓફ હાયર એજયુકેશન દ્વારા દર વર્ષે વિશ્વની શ્રેષ્ઠ (વર્લ્ડ કલાસ) ૫૦૦ યુનિવર્સિટીઓને અલગ તારવી તેમને ક્રમ આપી અહેવાલ તૈયાર કરવામાં આવે છે. વર્ષ ૨૦૦૩થી શરૂ થયેલ વર્લ્ડ કલાસ યુનિવર્સિટીઓનો અહેવાલ દર વર્ષે પ્રકાશિત થાય છે. આ અહેવાલમાં અત્યાર સુધીમાં ભારતની માત્ર બે જ સંસ્થાઓનો સમાવેશ થયેલ છે. બેંગ્લોર સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ સાયન્સ (IIS) અને ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજિ (IIT) ખડગપુરનો આ યાદીમાં સમાવેશ થયેલ છે. વર્ષ-૨૦૦૮ના છેલ્લા અહેવાલ મુજબ IIS-Bનો ક્રમાંક ૩૧૬ છે જયારે IIT-Kનો ક્રમાંક ૩૧૭ છે. કલકત્તા સ્થિત, યુનિવર્સિટી ઓફ કલકત્તાનો સમાવેશ પ્રથમ ત્રણ વર્ષના અહેવાલોમાં ૪૫૫ થી ૪૬૧ના ક્રમમાં હતો પરંતુ વર્ષ ૨૦૦૬ પછી તેનો ૫૦૦ ક્રમાંક સુધીમાં સમાવેશ થતો નથી.

શાંઘાઈ રિપોર્ટ તૈયાર કરવા માટે પ્રથમ ૨૦૦૦ યુનિવર્સિટીઓ/સંસ્થાઓની યાદી બનાવવામાં આવે છે. આ યાદીમાં સમાવેશ પામતી સંસ્થાઓમાં ચાલતા વિવિધ વિશ્વકક્ષાના અભ્યાસક્રમો, આંતરરાષ્ટ્રીય કક્ષાના સંશોધનો-પ્રકાશનો, અધ્યાપકોની સજ્જતા, શૈક્ષણિક સ્વાતંત્ર્ય તથા નવીનીકરણનું વાતાવરણ, નાણાકીય સ્વાતંત્ર્ય અને ભૌતિક સવલતો, અસરકારક નેતાગીરી તથા સંસ્થાનું અસરકારક ગવર્નન્સ જેવી અનેકવિધ બાબતોને ધ્યાનમાં લેવામાં આવે છે. આ યાદી પૈકી પ્રથમ ૫૦૦ સંસ્થાઓનું રેન્કિંગ પ્રકાશિત કરવામાં આવે છે. રેન્કિંગ માટે શિક્ષણની ગુણવત્તા (૧૦% ગુણ), અધ્યાપકોની સજ્જતા અને ગુણવત્તાના ૪૦% ગુણ જે પૈકી ૨૦ ટકા ગુણ નોબેલ પ્રાઈઝ જેવી સિધ્ધિઓ માટે અને ૨૦% ગુણ વિવિધ ૨૧ વિષયોમાં નોંધપાત્ર સંશોધનના છે. સંશોધન/પ્રકાશન પ્રવૃત્તિનો ગુણભાર ૪૦ ટકા છે. જે પૈકી ૨૦ ટકા નેચર અને સાયન્સના વિષયોના લેખો તથા ૨૦ ટકા સોશ્યલ સાયન્સના વિષયોના લેખોના છે. છેલ્લે ૧૦ ટકા ગુણભાર સંસ્થાની માનવદીઠ શૈક્ષણિક સિધ્ધિઓની છે. સમગ્રતયા રેન્કિંગ ઉપરાંત અમેરીકા ખંડની સંસ્થાઓ, યુરોપની સંસ્થાઓ, એશિયા-પેસિફિક તથા આફ્રિકા ખંડની સંસ્થાઓનું અલગથી રેન્કિંગ પ્રકાશિત કરવામાં આવે છે.

વર્ષ ૨૦૦૩ થી ૨૦૦૮ સુધીના પ્રકાશિત અહેવાલો પર નજર ફેરવીએ તો પ્રથમ ૨૦ સંસ્થાઓ પૈકી ૧૭ સંસ્થાઓ અમેરિકાની હાર્વડ યુનિવર્સિટી, સ્ટેન્ફર્ડ

યુનિવર્સિટી, કેલિફોર્નિયા યુનિવર્સિટી, એમઆઈટી, કોલંબિયા યુનિવર્સિટી, શિકાગો યુનિવર્સિટી, યેલ યુનિવર્સિટી, કોર્નેલ યુનિવર્સિટી જેવી યુનિવર્સિટીઓ સતત સ્થાન પામે છે. બ્રિટનની માત્ર બે યુનિવર્સિટીઓ કેમ્બ્રિજ યુનિવર્સિટી તથા ઓક્સફર્ડ યુનિવર્સિટી અને જાપાનની ટોકિયો યુનિવર્સિટીનો પ્રથમ વીસની યાદીમાં સમાવેશ થાય છે.

વિચારણા માગી લે તેવી બાબત એ છે કે દેશમાં અનેક રાજ્ય અનુદાનિત, સ્વૈચ્છિક તથા સ્વભંડોળથી ચાલતી યુનિવર્સિટીઓ હોવા છતાં, એકસો દશ કરોડથી વધુ જનસંખ્યા ધરાવતા દેશ પાસે નમૂનેદાર ત્રણ સંસ્થાઓ પણ નથી. શાંઘાઈ રિપોર્ટ આપણને વિશ્વ સ્તરે આપણે ક્યાં છીએ તેનો અહેસાસ કરાવે છે.

વર્ષ ૨૦૦૮ના શાંઘાઈ રિપોર્ટનું વધુ વિશ્લેષણ કરતાં જણાય છે કે વિશ્વની ટોચની ૧૦૦ શૈક્ષણિક સંસ્થાઓ પૈકી ૫૪ ટકા સંસ્થાઓ યુએસએ સ્થિત છે. મુખ્ય દેશોની પરિસ્થિતિ કોઠામાં દર્શાવી છે.

| Country | % of Top 100 | % of Top 500 | % of Population |
|---|---|---|---|
| USA | 54.0 | 31.6 | 4.6 |
| UK | 11.0 | 8.3 | 0.9 |
| Germany | 6.0 | 8.0 | 1.3 |
| Japan | 4.0 | 6.2 | 2.0 |
| Canada | 4.0 | 4.2 | 0.5 |
| Sweden | 4.0 | 2.2 | 0.1 |
| France | 3.0 | 4.6 | 0.9 |
| Australia | 3.0 | 3.0 | 0.3 |
| Switzerland | 3.0 | 1.6 | 0.1 |
| INDIA | 0 | 0.4 | 17.0 |
| China | 0 | 6.0 | 20.5 |
| Brazil | 0 | 1.2 | 2.9 |

એક બાબત ખૂબ જ સ્પષ્ટ બને છે કે દેશમાં અનેક સંસ્થાઓ હોવા છતાં વિશ્વ સ્તરની સંસ્થાઓ ભારતમાં વિકસી નથી. એનું એક કારણ ગુણવત્તાની બાબતમાં આપણી નિષ્ક્રિયતા. અમેરિકામાં સતત સુધારા માટે સ્વ-મૂલ્યાંકન પર ખૂબ જ ભાર મૂકાય છે. અમેરિકન ઉદ્યોગોમાં ગુણવત્તા વિકસાવવા માટે વર્ષ ૧૯૮૭થી નેશનલ ક્વોલિટી પ્રોગ્રામ ચાલે છે. 'માલ્કમ બાલ્ડ્રીજ' એવોર્ડ નામે ઓળખાતો ગુણવત્તાનો સર્વોચ્ચ એવોર્ડ અમેરિકન પ્રેસિડેન્ટ દ્વારા એનાયત કરવામાં આવે છે. શરૂઆતમાં માત્ર ઉદ્યોગોની ગુણવત્તા માટે શરૂ કરવામાં આવેલ એવોર્ડ હવે જુદા જુદા ચાર ક્ષેત્રો-ઉદ્યોગો, બિન-નફાકારક પ્રવૃત્તિઓવાળી સંસ્થાઓ, હેલ્થ કેર તથા શિક્ષણ ક્ષેત્રની સંસ્થાઓ માટે અપાય છે.

'માલ્કમ બાલ્ડ્રીજ' એવોર્ડ માટે 'નેક' તેમજ 'એનબીએ' જેવી જ મૂલ્યાંકન પધ્ધતિ અપનાવવામાં આવે છે. ઉત્કૃષ્ટ દેખાવ માટે શિક્ષણક્ષેત્રમાં સાત પરીબળો ધ્યાનમાં લેવામાં આવે છે : શૈક્ષણિક સંસ્થા માટેનું વાતાવરણ, સંબંધો અને પડકારોનો આધાર આ સાત પરીબળો પર અવલંબિત છે. જેમાં - નેતાગીરી, વ્યૂહાત્મક આયોજન, ગ્રાહકલક્ષી અભિગમ, પૃથ્થકરણ, મૂલ્યાંકન અને નોલેજ મેનેજમેન્ટ, કર્મચારીઓ પ્રત્યેનો અભિગમ, સંચાલનની પ્રક્રિયા અને પરિણામોનો સમાવેશ થાય છે.

આ પાયાના સાત પરીબળો સંસ્થાના મૂલ્યો અને સિધ્ધાંતો (core values and concepts) પર આધારિત છે. 'માલ્કમ બાલ્ડ્રીજ' એવોર્ડ માટે મુખ્ય અગિયાર મૂલ્યોની ચકાસણી કરવામાં આવે છે. જેમાં : વિચક્ષણ નેતાગીરી, અભ્યાસ-કેન્દ્રી શિક્ષણ, સંસ્થાકીય તથા વૈયક્તિક અભ્યાસભિમુખતા, કામગીરી સંભાવના માનવધનનું મૂલ્ય, ચપળતા (Agility), ભાવિલક્ષી અભિગમ, નવીનીકરણનું સંચાલન, વાસ્તવિકતા આધારિત સંચાલન, સામાજિક જવાબદારી, પરીણામો તથા મૂલ્યો પ્રત્યેની અભિમુખતા અને સમગ્રતયા સંસ્થાકીય અભિગમનો સમાવેશ થાય છે. આ મૂલ્યો થકી જ સાત મુખ્ય પરીબળોની માપણી કરવામાં આવે છે. મૂલ્યો તથા માપણી થકી જે પરિણામો મળે છે તેમાં પ્રક્રિયા સુધારણાના પરિણામો, નાણાકીય તથા બજારલક્ષી પરિણામો, કર્મચારીઓના સંતોષને લગતા પરિણામો, વિદ્યાર્થીલક્ષી પરિણામો વગેરેની માપણી કરવામાં આવે છે.

'માલ્કમ બાલ્ડ્રીજ' એવોર્ડની મુખ્ય બાબત હોય તો તે છે કે સતત આંતરિક મૂલ્યાંકનની પદ્ધતિ અપનાવવાથી ગુણવત્તાલક્ષી અભિગમ તમામ હિતધારી પક્ષકારોમાં કેળવાય છે; જેનાથી ગુણવત્તા સહજ પરિણામ રૂપે નીપજે છે. આપણે ત્યાં હજી 'નેક' કે 'એનબીએ'નું મૂલ્યાંકન પાંચ વર્ષે માત્ર ગ્રેડ મેળવવા પૂરતું જ સીમિત છે. સતત મૂલ્યવૃધ્ધિનો તેમાં અભાવ છે. 'માલ્કમ બાલ્ડ્રીજ' જેવો ગુણવત્તાનો ઉત્કૃષ્ટ એવોર્ડ ભલે આપણા શિક્ષણ ક્ષેત્ર માટે ન હોય; પરંતુ પ્રત્યેક શૈક્ષણિક સંસ્થાઓ પોતાના 'વિઝન તથા મિશન' બનાવી તે દિશામાં તમામ હિતધારી પક્ષકારોને સાંકળી ક્રમિક ગુણવત્તામાં વધારો થાય તે દિશામાં પ્રયત્નશીલ બને તે જરૂરી છે. વર્લ્ડ ક્લાસની ભૂમિકા તો બહુ દૂરની બાબત છે પણ સ્થાનિક સ્તરે પણ બેસ્ટ બનવા માટેની તંદુરસ્ત હરીફાઈનું મંડાણ થાય તે પણ ખૂબ જ જરૂરી છે.

૨૦ જુલાઈ, ૨૦૦૯ — બી.એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## યુ.જી.સી.નું માતબર અનુદાન

યુ.જી.સી., નવી દિલ્હી દ્વારા યુનિવર્સિટીને અગિયારમી પંચવર્ષીય યોજના અંતર્ગત રૂા. ૧૪.૦૮ કરોડનું માતબર અનુદાન ફાળવવામાં આવેલ છે. રૂા. ૧૪.૦૮ કરોડના આ અનુદાન પૈકી General Development માટે રૂા. ૧૦.૭૨ કરોડ, યુ.જી.સી.ની વિવિધ Merge Scheme માટે રૂા. ૩.૩૧ કરોડ અને Internal Quality Assurance Cell માટે રૂા. ૫ લાખનું અનુદાન ફાળવવામાં આવેલ છે.

યુ.જી.સી. દ્વારા General Development માટે ફાળવેલ રૂા. ૧૦.૭૨ કરોડના અનુદાનમાંથી યુનિવર્સિટીના વિવિધ અનુસ્નાતક વિભાગો માટે જરૂરી ઉપકરણો, સાધનસામગ્રી, પુસ્તકો તથા જર્નલ્સ રૂા. ૩.૨૪ કરોડના ખર્ચે વસાવવામાં આવશે. રૂા. ૧ કરોડના ખર્ચે યુનિવર્સિટીના મધ્યસ્થ ગ્રંથાલયને આધુનિક ઓપ આપવામાં આવશે. રૂા. ૨૦ લાખના ખર્ચે યુનિવર્સિટી પરિસરનો વિકાસ કરવામાં આવશે. રૂા. ૪૦ લાખના ખર્ચે યુનિવર્સિટી પરિસરમાં Internet-Networking સુવિધા ઊભી કરવામાં આવશે. રૂા. ૨૦ લાખના ખર્ચે યુનિવર્સિટીના અંગ્રેજી ડિપાર્ટમેન્ટમાં Central Language Laboratoryની સુવિધા પ્રદાન કરવામાં આવશે. રૂા. ૨ કરોડના ખર્ચે વિવિધ Scientific ઉપકરણો વસાવવામાં આવશે. રૂા. ૨૫ લાખના ખર્ચે યુનિવર્સિટીના Health Centerને આધુનિક ઉપકરણોથી સુસજ્જ કરીને સુવિધા સભર બનાવવામાં આવશે.

General Development અનુદાનમાંથી Boys Hostel, Guest House, Auditorium, Seminar Hall, Management Building, Social Science Building, MHRD Building, Education Buildingનું નિર્માણ કરવામાં આવશે.

Merged Scheme અંતર્ગત ફાળવેલ રૂા. ૩.૩૧ કરોડમાંથી યુનિવર્સિટીના અધ્યાપકોની Travel Grant માટે રૂા. ૨૫ લાખ, યુનિવર્સિટીમાં સેમિનાર, કોન્ફરન્સ આયોજીત કરવા માટે રૂા. ૨૦ લાખ, યુનિવર્સિટી પબ્લિકેશન્સ માટે રૂા. ૨૦ લાખ, રમત-ગમત માટે રૂા. ૫૦ લાખ, SC/ST/Minorityના વિદ્યાર્થીઓના કોચીંગ કલાસ માટે રૂા. ૪૦ લાખ, અપંગ વિદ્યાર્થીઓની સુવિધાઓ માટે રૂા. ૨૦ લાખ, Womens Hostel તેમજ અન્ય સુવિધાઓ માટે રૂા. ૧ કરોડ ફાળવવામાં આવેલ છે.

આમ, યુ.જી.સી. દ્વારા ફાળવવામાં આવેલ અનુદાનથી વિવિધ માળખાકીય સવલતો, શૈક્ષણિક અને સંશોધન ક્ષેત્રે જરૂરી સુવિધાઓ ઊભી કરીને યુનિવર્સિટી શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે હરણફાળ ભરી સમાજના ઉત્કર્ષમાં પોતાનો ફાળો આપી પોતાની આગવી પ્રતિભા ઊભી કરશે.

આ અંગે કુલપતિશ્રીએ જણાવ્યું કે, યુ.જી.સી.એ આપેલી આ રકમ યુનિવર્સિટી માટે ઘણી ઉપયોગી સાબિત થશે. યુનિવર્સિટીમાં સુવિધા અને શિક્ષણ બાબતે કેટલીક કમીઓ છે જે આ અનુદાનથી દૂર થશે. સ્પેશ્યલ સ્કીમ અંતર્ગત જે દરખાસ્તો મોકલી આપેલ હતી જેનો સ્વીકાર થયો છે.

કુલપતિશ્રી, કુલસચિવશ્રી તથા પદાધિકારીઓના સહયોગથી યુનિવર્સિટીએ યુનિવર્સિટીના ઈતિહાસમાં સૌથી વધુ અનુદાન યુ.જી.સી. પાસેથી પ્રાપ્ત કરેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે યુનિવર્સિટીને ચોથી પંચવર્ષીય યોજના અંતર્ગત ૪૪.૯૭ લાખ, પાંચમી પંચવર્ષીય યોજના અંતર્ગત ૮૫.૭૮ લાખ, છઠ્ઠી પંચવર્ષીય યોજના અંતર્ગત ૮૮.૫૫ લાખ, સાતમી પંચવર્ષીય યોજના અંતર્ગત ૧.૩૫ કરોડ, આઠમી પંચવર્ષીય યોજના અંતર્ગત ૧.૨૪ કરોડ, નવમી પંચવર્ષીય યોજના અંતર્ગત ૨.૮૬ કરોડ અને દશમી પંચવર્ષીય યોજના અંતર્ગત ૪.૨૯ કરોડનું અનુદાન યુ.જી.સી. તરફથી પ્રાપ્ત થયેલ હતું.

## સૂર્યગ્રહણ-અભ્યાસ



સૂર્યગ્રહણ દરમિયાન જળચર પ્રાણીઓની બાયોલોજીકલ કલોક (જૈવિક ઘડિયાળ)માં ડિસ્ટર્બન્સ જોવા મળ્યું છે. સદીનું સૌથી લાંબુ સૂર્યગ્રહણ સુરતમાં ભલે દેખાયું ન હોય પરંતુ ગ્રહણ દરમિયાન જળચર પ્રાણીના વર્તનમાં મોટો ફેરફાર આવ્યો હોવાનું અભ્યાસ દરમિયાન જણાઈ આવ્યું છે.

આ અંગે યુનિવર્સિટીના બાયોલોજી વિભાગ દ્વારા હાથ ધરાયેલા સંશોધનમાં ગ્રહણના સમયમાં જિંગા (ટાઈગર પ્રોન), ગોલ્ડ ફિશ અને રોહુ માછલીના વર્તનમાં ડરના ચિન્હો જણાયા હતા.

આ અંગેના પ્રાથમિક તારણો અંગે વિભાગના વડા ડૉ. મોહિની ગઢિયાએ જણાવ્યું હતું કે ગ્રહણ સવારે ૬.૧૫ થી ૬.૨૮ સુધીના સમયમાં જિંગાની મુવમેન્ટ એકાએક વધી ગઈ હતી અને તે એકવેરિયમમાં ઝડપથી મુવમેન્ટ કરતા જણાયા હતા. જયારે ગોલ્ડ ફિશ આ સમયમાં તળિયે જઈને બેસી ગઈ હતી. તો રોહુ માછલીમાં પણ તનાવ જોવા મળ્યો હતો અને બધી માછલીઓ એકવેરિયમના એક ખૂણામાં જમા થઈ ગઈ હતી.

અલબત્ત, ગ્રહણ બાદ સૌથી પહેલા રોહુ માછલી શાંત (નોર્મલ) થઈ હતી, જે દોઢ મિનિટમાં શાંત થઈ હતી. રોહુ માછલી ગ્રહણ બાદ ધીમે ધીમે તરતી થઈ હતી.

જયારે જિંગા બે મિનિટ બાદ શાંત થયા હતા અને ફરી નોર્મલ સ્થિતિમાં આવતા તેમને અઢી મિનિટનો સમય લાગ્યો હતો. જયારે ત્રણ મિનિટમાં અંધારામાં તળિયામાં બેસી રહેનાર ગોલ્ડ ફિશ માછલી સૌથી છેલ્લે ત્રણ મિનિટ બાદ નોર્મલ જણાઈ હતી. આ અભ્યાસ દરમિયાન કુલપતિ ડૉ. બી.એ. પ્રજાપતિએ બંને દિવસ મુલાકાત લઈને ટીમને પ્રોત્સાહન આપ્યું હતું. તેમજ આ સમગ્ર અભ્યાસની વીડિયોગ્રાફી પણ કરવામાં આવી હતી.




## સૂર્યગ્રહણ-વ્યાખ્યાન

યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગ દ્વારા લેવાયેલાં અવલોકનો સૂર્યગ્રહણની પૃથ્વી પર થતી અસરો માટે અગત્યનાં પૂરવાર થઈ શકે. આ સદીની સૌથી વિરલ ઘટના સંપૂર્ણ સૂર્યગ્રહણ એ સામાન્ય જન સમુદાય સુધી પહોંચવામાં સફળતા મેળવી શકયો. લોકોએ અંધશ્રધ્ધાને લગભગ ફગાવી દઈ અને શ્રધ્ધાપૂર્વક આ અદ્‌ભૂત કુદરતી નજારો અનુભવવા તત્પરતા દર્શાવી એ ગુજરાત

માટે અને સુરતીઓ માટે ગૌરવપ્રદ છે.

આપણે સૌ જાણીએ છીએ કે સમગ્ર ભારતમાં સૌથી આ વૈજ્ઞાનિક ઘટના સુરતમાંથી નિહાળી શકાય તેમ હતી. કારણ કે સૂર્યગ્રહણનો કેન્દ્ર પાથ પર સુરત પ્રથમ શહેર હતું. વરસાદ છાંયા વાતાવરણને પરિણામે સવારે ૬.૦૯ કલાકે સૂર્યોદય થયા બાદ ૬.૨૧:૧૫ કલાકે એકાએક સુરત પર અંધકારનાં ઓળા ઉતરી આવ્યા હતાં અને ૩ મિનિટ અને ૧૫ સેકન્ડ માટે ઘોર અંધકાર છવાઈ ગયો હતો.

સૂર્યગ્રહણનાં અભ્યાસ માટે દેશભરમાંથી વૈજ્ઞાનિકો સુરતમાં પધાર્યા હતા. પરંતુ અભ્યાસ માટે જોઈએ તેવું અંધારું ન થતાં અને વાદળોને પરિણામે નિરાશા સાંપડી હતી. પરંતુ યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગનાં એમ.ફિલ.નાં વિદ્યાર્થિની કુ. ચૈતાલી પટેલ દ્વારા સૂર્યગ્રહણની પૃથ્વીનાં ગુરુત્વાકર્ષણ પર થતી અસર અંગેનો પ્રયોગ હાથ ધર્યો હતો. ખૂબ જ સાદી અને બીનખર્ચાળ પ્રાયોગિક રીત લોલકની રીત દ્વારા ગુરુત્વાકર્ષણ બળ સમયે સંકળાયેલ ગુરુત્વ પ્રવેગ અચળાંક 'g'નું મૂલ્યાંકન તેમના દ્વારા સતત ત્રણ દિવસ સુધી કરવામાં આવેલ હતું. સૂર્યગ્રહણનાં આગલી રાત સૂર્યગ્રહણનાં સમયે, સૂર્યગ્રહણ બાદ તુરત અને સૂર્યગ્રહણનાં દિવસે રાત્રે તેમજ તેમનાં બીજા દિવસે સવારે તેમજ રાત્રે અને આજે સવારે પ્રયોગનાં પૂનરાવર્તન કરી ગુરુત્વ પ્રવેગ 'g'નું મૂલ્ય મેળવવામાં આવ્યું હતું. સામાન્ય રીતે સમગ્ર પૃથ્વી માટે ગુરુત્વ પ્રવેગ 'g'નું સરેરાશ મૂલ્ય 9.8 મી/સેકન્ડ$^2$ ગણવામાં આવે છે. સતત ત્રણ દિવસ સવારે લેવામાં આવેલાં અવલોકનોની સરેરાશ 9.7230 જેટલી મળેલ હતી. તેજ રીતે રાત્રે લેવામાં આવેલ અવલોકનોની સરેરાશ 9.7331 આવેલ હતી. જયારે સૂર્યગ્રહણનાં સમયે જોવામાં આવેલ અવલોકનો પરથી તે મૂલ્ય 9.7642 મી/સેકન્ડ$^2$ તથા સૂર્યગ્રહણ બાદ તુરંત લેવામાં આવેલ અવલોકનો બાદ તે મૂલ્ય 9.7604 મી/સેકન્ડ$^2$ નોંધવામાં આવેલ હતું. ઉપરોકત અવલોકન દર્શાવે છે કે સૂર્યગ્રહણનાં સમયે પૃથ્વીનાં ગુરુત્વાકર્ષણનાં મૂલ્યમાં ક્ષણિક વધારો થયો હોય અને આ ફેરફારોની અસરો લાંબો સમય જણાતી હોય શકે. હાલ વાતાવરણમાં ઓચિંતા જ થતાં ફેરફાર ચોમાસાનું મોડું બેસવું, દક્ષિણના પવનો પર આધારિત સૌરાષ્ટ્રમાં પહેલો અને વધુ વરસાદ થવો, દક્ષિણ ગુજરાતમાં ચોમાસાને મોડું થવું. આવી અનેક ઘટના માટે આ અવલોકનો કદાચ મદદરૂપ થઈ શકે. સમગ્ર પ્રયોગ અંગેનું માર્ગદર્શન અને વિચાર વિભાગના અધ્યક્ષ ડૉ. કિશોર પોરીયા દ્વારા કરવામાં આવ્યો હતો.

## આચાર્યશ્રીઓની બેઠક

યુનિવર્સિટીએ તેના ઈતિહાસમાં ૧૧મી પંચવર્ષીય યોજના અંતર્ગત ૧૪ કરોડ ઉપરાંતનું ભંડોળ મેળવ્યા બાદ હવે કોલેજોનો વારો આવ્યો છે. આર્ટસ, કોમર્સ, સાયન્સ, શિક્ષણ વિવિધ વિદ્યાશાખાની મળી ૭૯ જેટલી ગ્રાન્ટ ઈન એઈડ કોલેજો દર વર્ષે યુ.જી.સી. પાસે ડેવલપમેન્ટ ગ્રાન્ટ મેળવવા પુનાની મુલાકાત લે છે. અલબત્ત આ વર્ષથી આચાર્યોને પુનાની મુલાકાતથી મુકિત મળશે. યુનિવર્સિટીના સત્તાધિશોએ યુ.જી.સી.ને વિનંતી કરી ૭૯ આચાર્યોને પુના જવા કરતાં તજજ્ઞોની ટીમને સુરત મોકલવા આગ્રહ રાખ્યો હતો. જેનો સકારાત્મક પ્રતિસાદ સાંપડતા આગામી પહેલી ઓગષ્ટથી ત્રણ દિવસ સુધી યુ.જી.સી. ટીમ સુરત આવશે. કુલપતિ ડૉ. બી.એ પ્રજાપતિએ ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોના આચાર્યોને આ અંગે માહિતગાર કરવા તા. ૨૭-૭-૨૦૦૯ના રોજ એક બેઠક બોલાવી હતી. ડૉ. પ્રજાપતિએ જણાવ્યું હતું કે યુજીસીની ઘણી સ્કીમ છે, ગ્રાંટ આપવા માટે યુ.જી.સી. તત્પર હોય છે. પરંતુ તે વપરાશ કરવા માટે વાજબી કારણો આપવાં પડે છે. તેમણે જણાવ્યું હતું કે દક્ષિણ ગુજરાતની કોલેજોના આચાર્યો યુજીસીની તમામ સ્કીમથી વાકેફ નથી. તેમને દરખાસ્ત તૈયાર કરવામાં પણ કેટલીક મુશ્કેલીઓ નડતી હોય છે. ડૉ. પ્રજાપતિએ જણાવ્યું હતું કે આ વખતે યુ.જી.સી.એ વિવિધ ગ્રાંટ મર્જ સ્કીમ હેઠળ આવરી લીધી છે. તેના માટે ધોરણ પણ બદલાયા છે તે મૂજબ નવી દરખાસ્ત તૈયાર કરવા અંગે આચાર્યોને માર્ગદર્શન અપાયું હતુ. આ માટે અમદાવાદની એલ.ડી. કોલેજના પ્રિન્સિપાલ સુભાષ બ્રહ્મભટ્ટની મદદ લેવામાં આવી હતી. યુ.જી.સી. મોટે ભાગે કોલેજોને ઈન્ફ્રાસ્ટ્રકચર, લાયબ્રેરી તેમજ સાધનો માટે ગ્રાંટ ફાળવે છે. કેટલીક સ્કીમ માટેની ગ્રાંટ મેળવવા કોલેજોએ સીધા યુ.જી.સી. ન્યુ દિલ્હી સ્થિત કચેરીનો પણ સંપર્ક કરવાનો હોય છે. કુલપતિશ્રીની આ પહેલથી આચાર્યશ્રીઓમાં આનંદની લાગણી જોવા મળી હતી.

## વિદ્યાશાખા-અધ્યક્ષ-પ્રતિનિધિ

ઈજનેરી વિદ્યાશાખાના ડિન સિવાય તમામ વિદ્યાશાખાના ડીન તથા ડિન સિવાયના એક પ્રતિનિધિની એકેડેમિક કાઉન્સિલમાં બિનહરીફ વરણી થઈ છે. આ નિમણૂંકો તા. ૧-૮-૨૦૦૯ થી ત્રણ વર્ષની મુદ્દત માટે છે.

યુનિવર્સિટીના ઈતિહાસમાં પ્રથમવાર અધ્યાપકોમાં હકારાત્મક વલણ થકી લોકશાહી પરંપરાની જાળવણી થવા સાથે એક સિવાય તમામ એકેડેમિક કાઉન્સિલના સભ્યોની બિનહરીફ વરણી થતા યુનિવર્સિટી શૈક્ષણિક વાતાવરણ વધુ પુખ્ત તથા તંદુરસ્ત બન્યું છે.

| ક્રમ | વિદ્યાશાખા | ડીન | ડીન સિવાયના એક પ્રતિનિધિ |
|---|---|---|---|
| ૧ | શિક્ષણ | ડૉ. જયેન્દ્રસિંહ પી. ગોહિલ | ડૉ. પ્રફુલસિંહ જશવંતસિંહ રાજ |
| ૨ | તબીબી | ડૉ. મહેન્દ્ર ડી. ચૌહાણ | ડૉ. કે.એન, ભટ્ટ |
| ૩ | વાણિજય | ડૉ. વિપિનકુમાર ડી. નાયક | ડૉ. જયંતિકુમાર મોરારજી નાયક |
| ૪ | ગ્રામભ્યાસ | શ્રી સુધીર જાની | શ્રી કિશોરભાઈ રામજીભાઈ વાઘેલા |
| ૫ | મેનેજમેન્ટ | ડૉ. રેણુકા કે. ગર્ગ | ડૉ. વિનોદરાય બાલુભાઈ પટેલ |
| ૬ | વિનયન | ડૉ. જગદીશચંદ્ર એમ. ગુર્જર | શ્રી કિશોરસિંહ બી. પરમાર |
| ૭ | કાનૂન | શ્રીમતી જાગૃતિ કમલેશ પટેલ | ડૉ. જયંતિભાઈ ટી. દેસાઈ |
| ૮ | ઈજનેરી | શ્રી નૈમેષ ઝવેરી | શ્રી પર્સી એન્જિનિયર |
| ૯ | વિજ્ઞાન | - | ડૉ. અશ્વિન પટેલ |

## Central Library : New Arrival

**A companion to urban economics**/edited by Richard Arnott and Daniel Macmillan. U.S.A.:Blackwell Publishing, 2006.

**A review of preventive and social medicine**/Chandrakant Lahariya. New Delhi:JBMP,2008

Afforestation/edited by M.P.Singh and B.C.Oraon. New Delhi: APH Publishing Corporation, 2009.

**Ageing societies: myths, challenges and opportunities**/Harper Sarah. New York: Hodder Arnold, 2006.

**Algae**/Linda E.Graham and others.-2nd ed. New York: Benjamin Cummings, 2009.

**Animal biotechnology: recent concepts and developments.** / P. Ramadass. Chennai: MJP Pub., 2008.

**Aquaculture:trends and issues.**/B.R.Selvamani and R.K.Mahadevan. New Delhi: Campus Books International, 2008.

**Biology of fishes**/Quentin Bone and R.H.Moore.- 3rd ed.New York: Taylor and Francis Group,2007.

**Biology of the Southern Ocean**/George A.Knox.-2nd ed. New York: C.R.C.Press,2006.

**Changing policy regimes and corporate performance**/B.L.Pandit and N.S.Siddharthan. New Delhi : Oxford University Press,2009

**Child labor in hazardous occupation: problems and prospects**/ Vinodkumar Pandey. New Delhi: Sunrise Publications, 2008.

**Comprehensive handbook of social work and social welfare**/edition-in-chief, K.M.Sowers and Catherine.(4 vols.)New York: John Wiley and Sons, 2008.

**Computers as components: principles of embedded computing system design**/Wayne Wolf. USA: Elsevier, 2008

**Designing dynamic organizations**/Jay Galbraith, D. D. Owney and Any Kates.-2nd ed. Ahmedabad:Jaico,2008.

**Economic analysis of health care services**/S.S.Doss. New Delhi: Serial Publications, 2008.

**Environmental biotechnology** / Raza Marandi and Ali Shakti. New Delhi: S.B.S.P.,2007.

**Fish farming systems** / B.R.Selvamani and R.K. Mahadevan. New Delhi: Campus Book International, 2008

**Freshwater fish farming** / B.R.Selvamani and R. K. Mahadevan. New Delhi: Campus Book International, 2008.

**General and applied ichthyology: fish and fisheries** / Gupta,S.K. and Gupta,P.C. New Delhi:S.Chand, 2006.

**Globalization, liberalization and environmentalism** / G.Podda. New Delhi : Rawat Publishers, 2009.

**Handbook of medicinal herbs**/J.A.Duke,with Mary Jo Bogenschutz-. 2nd ed. New York:C.R.C.Press,2002

**Handbook of modern newspaper editing and production** / P.K.Chandra.New Delhi:Manglam, 2008.

**Industrial relations** / Amit Aggarwal. Delhi: Pacific Publications, 2009.

**Information representation and retrieval in the digital age** / Heting Chu. New Delhi: Ess Ess Publications, 2009.

**Information tomorrow : relations on technology and the future of public and academic libraries** / edited by R.S.Gordon, New Delhi : Ess Ess Publications, 2009

**Leadership training: book of activities** / E,M.Christopher and L.E.Smith. New Delhi: Viva Books, 2009.

**Leading issues in economic development** / Gerald M. Meier and James E. Reach. New Delhi: Oxford University Press, 2008.

**Legal trends in social justice** / B. Goswami. Jaipur : Raj Pub.House, 2008

**Medical microbiology** / S.Rajan. Chennai: MSP Publications, 2007.

**Modernism and theory: a critical debate** / edited by Stephen Ross. U.S: Routledge, 2008

**New cosmopolitanisms: South Asia in the U.S.** / edited by Gita Rajan and Shailja Sharma. Hyderabad: Orient Longman, 2007.

**Pioneering the human development revolution: an intellectual biography of Mahboob Ul Haq** / edited by Haq Khadija and Ponzio Richard. Mumbai: Oxford University Press, 2008.

**Political economy of international monetary interdependence** / Singer Hans. New Delhi: B.R. Publishing, 2007.

**Principles of educational system** / Prem Sunder. New Delhi : KSK Publishers, 2009.

**Research in biotechnology** / P.R.Gilbert. New Delhi: Anmol Publications Pvt.Ltd.,2008.

**Research methodology in education** / V.K.Shastri. Delhi: Authorpress, 2008.

**Shakespeare and film : a Norton guide** / Samuel Crowl.-1st ed.New York: W.W. norton and Company,2008.

**Sociology of ageing: a reader** / edited by A.K.Sahoo and G.V. Andrews. New Delhi: Rawat Publications, 2009.

**Teaching and practice of social work in India: realities and responses** / edited by Surendra Sing and S.P. Srivastava. Lucknow: New Royal Book Company, 2005.

**Television truths** / John Hartley. New York: Blackwell Publishing,2008.

**The dalit movement in India: local practices, global connections** / Eva-Maria Hardtmann. New Delhi: Oxford University Press, 2009

**The development reader** / edited by Sharad Chari and Stuart Corbridge. New Delhi: Routledge, 2008.

**The philosophy of motion pictures** / Nonel Carroll. New York:Blackell Publishing,2008.

**Web engineering and applications** / Mishra, J. and Mohapatra, P.K.J. New Delhi: Narosa, 2008.

## મુલાકાત



યુનિવર્સિટીના એમ. આર. એસ. ભવન - રૂરલ સ્ટડીઝના એમ. આર. એસ.ના નવિન વિદ્યાર્થીઓ ગ્રંથાલયની વાચન સામગ્રી તથા વિવિધ પ્રકારની સેવાઓથી પરિચિત બને તે હેતુથી વિભાગના ડૉ. દર્શન ર. ભંડેરી તથા પ્રા. દિપક ભોયેએ વિદ્યાર્થીઓ સાથે ગ્રંથાલયની તા. ૨૭-૭-૨૦૦૯ ના રોજ મુલાકાત લીધી. મુલાકાત દરમ્યાન ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન શ્રી. બી. જે. અંકુયા તથા આપ-લે વિભાગના ટેકનિકલ આસિસ્ટન્ટશ્રી એચ.વી.પટેલે ઉપભોકતા શિક્ષણ આપ્યું. ઈન્ટરનેટ યુગમાં પુસ્તકાલયનો ઉપયોગ ઘટી રહયો છે ત્યારે એમ. આર. એસ. ભવનના અધ્યાપકો તથા વિદ્યાર્થીઓના આ સ્તુત્ય પ્રયાસનું અનુકરણ અન્ય વિભાગના વિદ્યાર્થીઓ કરે તે ઈચ્છનીય છે. અત્રે ઉલ્લેખનીય છે કે ડૉ. દર્શન ભંડેરી તથા પ્રો.દિપક ભોયે મધ્યસ્થ ગ્રંથાલયના નિયમિત ઉપભોકતાઓ છે.

## એન.એસ.એસ. : યોગ શિબિર

તા. ૧૩ થી ૧૬ ઓગષ્ટ-૨૦૦૯ દરમ્યાન શ્રીમતી કુસુમબેન કડકિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, અંકલેશ્વરના યજમાનપદે એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ માટે પતંજલિ યોગપીઠ હરિદ્વાર દ્વારા પ્રેરિત એક પ્રાણાયામ-યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમના ઉદ્‌ઘાટન પ્રસંગે કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિ અધ્યક્ષીય ઉદ્‌બોધન કરશે. ઉપરોકત પ્રાણાયમ-યોગ શિબિરમાં ભાગ લેવા માટે પ્રત્યેક સંલગ્ન કોલેજના ૫ વિદ્યાર્થી ભાઈઓએ તા. ૧૩-૮-૨૦૦૯ના રોજ ૧-30 કલાકે બપોર સુધીમાં શ્રીમતી કુસુમબેન કડકિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ અંકલેશ્વર મુકામે જરૂરી સામાન સાથે અચૂક પહોંચવાનું રહેશે. વિદ્યાર્થીઓની રહેવા-જમવાની વ્યવસ્થા સંસ્થા તરફથી કરવામાં આવી છે, તથા જવા-આવવાનો ખર્ચ આપવામાં આવશે. સંપર્ક : શ્રી તુષાર સોની, કન્વીનર તથા શિબિર સંચાલકશ્રી, શ્રીમતી કુસુમબેન કડકિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અંકલેશ્વર (ફોન નં. ૯૩૨૭૬ ૮૦૮૧૮)

# કોલેજ ન્યૂઝ

## લેબ-ઉદ્‌ઘાટન



૯મી જુલાઈ ૨૦૦૯ના રોજ નવયુગ સાયન્સ કોલેજ, સુરતમાં શ્રી રામકૃષ્ણ કમ્પ્યૂટર લેબ તેમજ રીનોવેટેડ ભૌતિકશાસ્ત્ર લેબનું ઉદ્‌ઘાટન કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિ તથા શ્રી રામકૃષ્ણ વેલફેર ટ્રસ્ટના પ્રમુખ શ્રી ગોવિંદભાઈ ધોળકીયાના હસ્તે કરવામાં આવ્યું હતું, આ પ્રસંગે કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીમંડળના ઉપપ્રમુખ શ્રી જગદીશ બોદરા, વાલી અધ્યાપક મંડળના પ્રમુખશ્રી રમેશભાઈ એન. પટેલ તથા નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ પરિવારના શ્રી મેહુલભાઈ પીઠાવાળા ઉપસ્થિત રહયા હતા.

ઉપરોકત પ્રસંગે કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિ અને શ્રી ગોવિંદભાઈ ધોળકીયાએ વિદ્યાર્થીઓ સમક્ષ આપેલ પ્રેરક ઉદ્‌બોધનમાં કોલેજની વિકાસ યાત્રા બિરદાવી હતી. તેમજ કુલપતિશ્રી ડૉ. બી.એ.પ્રજાપતિએ તેમના ઉદ્‌બોધનમાં ઓન લાઈન ટેસ્ટના જમાનામાં કમ્પ્યૂટર જ્ઞાનની જરૂરિયાત પર ભાર મૂકયો હતો.


આ પ્રસંગને પ્રિ. ડૉ. અશ્વિનભાઈ પટેલ, કોલેજ સ્ટાફના સભ્યો તથા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ઉજવ્યો હતો.

## સન્માન


વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. શારીરિક શિક્ષણ અભ્યાસ વર્તુળ દ્વારા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ બારડોલીના સભાખંડમાં શારીરિક શિક્ષણ વિષયના સૌ પ્રથમવાર નવનિયુકત સેનેટ અને સિન્ડીકેટ સભ્ય પ્રા.કિરીટસિંહ વાંસદીયાનો સન્માન સમારંભ યોજાયો હતો. પ્રિ.ડાૅ.ભાવીનભાઈ આર. નાયક, આર્ટસ વિભાગના સેનેટ સભ્ય પ્રા. જે. એલ. પંડયા અને દક્ષિણ ગુજરાતની કોલેજના શારીરિક શિક્ષણના વ્યાખ્યાતાઓ ઉપસ્થિત રહયા હતા.

મહેમાનોનું શબ્દોથી સ્વાગત વીર ન.દ.ગુ.યુનિ.શા.શિ. અભ્યાસ વર્તુળના પ્રમુખ પ્રા. પ્રફુલ્લભાઈ ઝેડ. દેસાઈ, ગુજરાત રાજય શા.શિ.એસો.ના કારોબારી સભ્ય પ્રા.સુશીલાબેન એમ.દેસાઈ તથા પ્રા. અનિલભાઈ પટેલે મહેમાનોનું સ્વાગત કર્યુ હતું. આ પ્રસંગે ઉપસ્થિત પ્રિ. ડાૅ.ભાવીનભાઈએ અને પ્રા. જે એલ. પંડયાએ સિન્ડીકેટ સભ્ય પ્રા.કિરીટસિંહ વાંસદીયાને યુનિ.માં વધુ પ્રગતિ કરે એવી શુભેચ્છા આપી હતી.પ્રમુખ સ્થાનેથી પ્રિ.ડાૅ.વિનોદભાઈએ એમની સાથેના નિકટના સંબંધોને યાદ કરી આપણી યુનિ.માં શારીરિક શિક્ષણનાં વ્યાખ્યાતાઓની સાથે રહી વધુ પ્રગતિના સોપાનો પાર કરો એવી શુભેચ્છા આપી હતી. કાર્યક્રમની આભારવિધિ પ્રા. જીજ્ઞેશભાઈ ટંડેલે કરી હતી. બીજી બેઠક વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી શા.શિ. અભ્યાસ વર્તુળના પ્રમુખ પ્રા.ભરતભાઈ બી. વૈદ્યના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં શારીરિક શિક્ષણ વિષયના નવા વ્યાખ્યાતાઓને આવકાર્યા હતા. તેમજ રાષ્ટ્રીય સેમીનાર યોજવા બાબતની ચર્ચાની સાથોસાથ વિવિધ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. સભાને અંતે વી.ન.દ.ગુ.યુનિ. શા.શિ. અભ્યાસ વર્તુળના ઉપપ્રમુખ પ્રા.પ્રફુલ્લભાઈ ઝેડ. દેસાઈએ આભારવિધિ કરી હતી. બંને બેઠકનું સંચાલન માનદ મંત્રી પ્રા. ચિરાગ પી.દેસાઈએ કર્યુ હતું.

## પુસ્તક પ્રકાશન



ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન (એમ.એડ.), સુરતના પ્રાધ્યાપકોએ ''મનોવિજ્ઞાનના સંશોધનો અને અભ્યાસો-૧ અને ૨'' પુસ્તકનું પ્રકાશન કર્યું છે. વૈજ્ઞાનિક વિચારધારા અને અંધશ્રદ્ધા ભર્યું વર્તન તેમજ બાળવર્તનની સમજ પર આધારિત સંશોધન પત્રોને પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરવામાં આવ્યા છે. મનોવિજ્ઞાન વિષયમાં સંશોધન ક્ષેત્રે મદદરૂપ થાય એ હેતુથી પુસ્તકનું સંપાદનકાર્ય એમ.એડ. વિભાગના ઈન્ચાર્જ પ્રિન્સીપાલશ્રી નિહારિકાબેન પટેલ તથા પ્રાધ્યાપકો ડૉ. સ્નેહલતા, પ્રા. જિજ્ઞેશ કે. કંથારિયા તથા પ્રા. રાજેશ આર. રાઠોડે કર્યું છે. ઉપરોકત બંને પુસ્તક મનોવિજ્ઞાન અને શિક્ષણક્ષેત્રે સંશોધન કરનાર સંશોધકો માટે પથદર્શક પૂરવાર થશે.



**Psychology for Physiotherapists**
Authored by Dr. Thangamani Ramalingam A. and Dr. Dibyendunarayan Bid; foreword written by Dr. M. T. Rangwala; of The Sarvajanik College of Physiotherapy, Surat; is published by Jaypee Brothers Medical Publishers (P) Ltd, New Delhi in 2009

## પરિણામ



એમ.એસ. પાઠક હોમિયોપેથીક મેડીકલ કોલેજ, વડોદરાના ઈ.ચા. પ્રિ. ડૉ. અલ્પેશ એ. શાહે જાન્યુઆરી ૨૦૦૮માં મહારાષ્ટ્ર યુનિ. ઓફ હેલ્થ સાયન્સ, નાસીક દ્વારા લેવાયેલ એમ.ડી. (હોમિ.) પરીક્ષામાં પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ કરેલ છે. અભિનંદન

## ઊજવણી

શ્રી નૂતન કેળવણી મંડળ, વલસાડ સંચાલિત શાહ કે. એમ. લો કોલેજ, વલસાડમાં તા.૭/૭/૨૦૦૯ના ગુરૂપૂર્ણિમાના દિવસે પ્રવેશોત્સવ દ્વારા શૈક્ષણિક વર્ષ : ૨૦૦૯-૨૦૧૦ના શિક્ષણ કાર્યનો પ્રારંભ થયો હતો. આ પ્રસંગે સેશન જજશ્રી સી.કે. સોલંકી ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમની શરૂઆત વિદ્યાર્થિની દિપ્તી ટંડેલ દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી હતી. નવ નિયુકત આચાર્યશ્રી ડૉ. જે.ટી. દેસાઈએ સ્વાગત પ્રવચનમાં સંસ્થા તથા મુખ્ય મહેમાનોનો પરિચય તથા પ્રાસંગિક વકતવ્યમાં વિદ્યાર્થીઓને મોટીવેટ અને સેન્સીટાઈઝ કર્યા હતા. સમારંભના અધ્યક્ષ શ્રી સોલંકીએ આર્શીવચન તથા પ્રાસંગિક ઉદ્‌બોધન કર્ય હતું. તેમજ વલસાડ ડિસ્ટ્રીકટ બારના પ્રમુખ શ્રી રાજુભાઈ દેસાઈએ તેમના વકતવ્યમાં વિદ્યાર્થિઓને વિશેષ વાંચનની સલાહ અને માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થિની દ્વારા પ્રતિનિધિ સ્વરૂપે સંકલ્પ પત્રનું વાંચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા પ્રતિભાવ પણ રજૂ કરવામાં આવેલ હતા. આમ સીનીયર તથા જુનીયર વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમની આભારવિધિ પ્રો. નિરંજનભાઈ દેસાઈએ કરી હતી જયારે સંચાલન ડૉ. સંજયભાઈ મણિયારે કર્યુ હતું.

## દાન

ઝેડ.એફ. વાડીયા વિમેન્સ કોલેજ એન્ડ એન.કે. જહોટા કોલેજ ઓફ કોમર્સ, સુરતની વિદ્યાર્થિનીઓએ સ્વેચ્છાએ એકત્રિત કરેલ રૂા. ૧૦ હજારની રકમ ઘોડ દોડ રોડની અંધજન શાળાના પ્રજ્ઞાચક્ષુઓના વિકાસ અર્થે આપી અનુકરણીય કાર્ય કરેલ છે. અભિનંદન.

## ખેલ-જગત



ગુજરાત સ્ટેટ પાવર લીફ્ટીંગ ચેમ્પીયનશીપ "સ્વર્ણીમ ગુજરાત" ૨૦૦૯ અન્વયે તા. ૫-૭-૨૦૦૯ના રોજ સુરતની બાલાજી વ્યાયામ ખાતે સ્પર્ધા યોજાઈ ગઈ. જેમાં નવસારી-ગ્રીડ પાસે આવેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ-ચોવીસીનાં વિદ્યાર્થીઓએ ભાગ લઈ પ્રશંસનીય દેખાવ કર્યો હતો જેમાં એસ.વાય.બી.કોમ.ના વિદ્યાર્થી ઋત્વીક એમ. ચૌધરીએ ૮૦ કિગ્રા. વજન ગૃપમાં રાજયકક્ષાએ દ્વીતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. જીલ્લા પાવર લીફ્ટીંગ એસોસીએશન દ્વારા ચાલુ માસમાં જીલ્લા કક્ષાની ટીર્નામેન્ટમાં પણ ચોવીસી કોલેજનાં વિદ્યાર્થી ૬૮ કિ.ગ્રા.માં યાદવ રામજી પ્રથમ, ૮૨ કિ.ગ્રા. વજનમાં ઋષભ પટેલ પ્રથમ, ૧૧૦ કિ.ગ્રા. ગૃપમાં કલસરીયા અમિત પ્રથમ અને ૧૦૦ કિ.ગ્રા.માં ઋત્વીક ચૌધરીએ દ્વીતીય ક્રમ મેળવી ટીમ રનર્સઅપ બની હતી. અભિનંદન.

## ઉદ્‌ઘાટન

આર્ટ્સ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ખોલવડ ખાતે તા. ૨૩/૦૭/૦૯ ના રોજ ભારતીય વિદ્યા મંડળના મંત્રી વિનુભાઈ ભક્તના પ્રમુખ પદે એમ.કોમ. ના કેન્દ્રનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં તેમણે વિદ્યાર્થીઓને પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યુ હતું અને એમ. એ., એમ.એસ.સી.ની સાથે એમ.કોમના વર્ગો શરૂ થતાં આનંદ વ્યકત કરી વિદ્યાર્થીઓને તેનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે યુનિવર્સિટીના સિન્ડીકેટ સભ્ય શ્રી દિનેશ દાસા હાજર રહયા હતા અને વિદ્યાર્થીઓને શિક્ષણનું મૂલ્ય દષ્ટાંત સહિત સમજાવ્યું હતું.

આચાર્ય ડૉ. એચ. આર. પટેલે મહેમાનોનો પરિચય આપી પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યુ હતું. એમ.કોમ. કેન્દ્રનાં પી.જી. ઈન્ચાર્જ પ્રા.રક્ષાબેન આઈ. મારફતીયાએ આભારવિધિ કરી હતી. કાર્યક્રમનું સંચાલન મીનાક્ષીબેન આહીરે કર્યુ હતું.

## પારિતોષિક



અંધજન શિક્ષણ મંડળ સંચાલિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા તેમજ બી.એડ્. સ્પે. વી. આઈ. કોલેજ માર્ચ / એપ્રિલ / ૨૦૦૯ દરમ્યાન બોર્ડ અને યુનિવર્સિટી દ્વારા યોજાયેલ વાર્ષિક પરીક્ષામાં સૌથી વધુ ગુણ મેળવનારા વિદ્યાર્થીઓ (૧) પટેલ ચિંતન મહેશભાઈ (પ્રથમ વર્ગ વિશેષ યોગ્યતા) (૨) હરીલાલ ગીગાભાઈ મકવાણા (પ્રથમ વર્ગ વિશેષ યોગ્યતા) તેમજ કુમારી મયુરીબેન ધીરજસિંહ દોડિયા (વિશિષ્ટ યોગ્યતા સાથે પ્રથમ વર્ગ) ને પારિતોષિક એનાયત કરવાનો કાર્યક્રમ કુલપતિ ડૉ. બી. એ. પ્રજાપતિના શુભ હસ્તે મંગળવાર તા. ૧૪/૭/૨૦૦૯ નાં રોજ રાખવામાં આવ્યો હતો. જે પ્રસંગે સંસ્થાના પ્રમુખ ડૉ. હરિકૃષ્ણ જોષી, ઉપપ્રમુખ શ્રી આનંદભાઈ ચોખાવાળા અને શ્રી દિલીપભાઈ મારફતિયા, મંત્રીશ્રી જીતેન્દ્ર દાળીઆ, શ્રી જયંતભાઈ ચોકસી, શ્રી રમેશભાઈ રાવળ, શ્રી શશીકાંતભાઈ જાદવ અને કોષાધ્યક્ષ તુલજારામ બુલચંદાણી તથા જાણીતા શિક્ષણ શાસ્ત્રી ડૉ. સી. ઝેડ. શાહ અને અન્ય મહેમાનો, શાળા કોલેજનાં આચાર્યશ્રી, શિક્ષણ ગણ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહયા હતા. સમારંભની શરૂઆત પહેલા મુખ્ય મહેમાનશ્રીએ સંસ્થાની, L & T ડીજીટલ સાઉન્ડ રેકોર્ડિંગ સ્ટુડિયો, કોમ્પ્યુટર લેબ, લેંગ્વેજ લેબોરેટરી તથા ફીજીયોથેરપી કેન્દ્રની મુલાકાત લઈ સંસ્થાની પ્રવૃત્તિઓની માહિતી મેળવી હતી અને કામગીરીથી અત્યંત પ્રભાવિત થઈ ખુશી વ્યકત કરી હતી. સ્વાગત તથા પ્રાસંગિક પ્રવચન સંસ્થાના પ્રમુખશ્રીએ કર્યું. મુખ્ય મહેમાનનો પરિચય ઉપપ્રમુખશ્રી આનંદભાઈ ચોખાવાળાએ આપ્યો હતો તથા સંસ્થાનો પરિચય અને પ્રવૃત્તિઓનો અહેવાલ મંત્રીશ્રી જીતેન્દ્ર દાળીઆએ આપ્યો હતો. પારિતોષિક વિતરણ મુખ્ય મહેમાનના વરદ હસ્તે થયું હતું સમારંભની શરૂઆત શાળાના બાળકોની પ્રાર્થનાથી થઈ હતી, ત્યારબાદ તેમના ઉદ્‌બોધનમાં મુખ્ય મહેમાનશ્રી બી.એ. પ્રજાપતિ જણાવ્યું હતું કે પ્રજ્ઞાચક્ષુ બાળકોને ભલે બે આંખો ભગવાને આપી નથી પરંતુ આ બાળકોની દસ આંગળી દસ આંખ જેવી છે અને કહયું હતું કે તમે તમારુ લક્ષ ઉંચુ રાખી તમારામાં રહેલી શકિતનો મહત્તમ ઉપયોગ કરી તે લક્ષ પ્રાપ્ત કરજો અને સંસ્થાએ તમોને આગળ આવવા જે સાધન સુવિધા અને તક પૂરી પાડી છે તેનો સદ્ ઉપયોગ કરજો. તેમને જુદી જુદી મહાન વ્યકિતઓને રોલ મોડલ તરીકે નિહાળી તેમને નાની ઉંમરમાં જે અકલ્પનીય સિધ્ધીઓ પ્રાપ્ત કરી છે. તે જ રીતે તમે પણ તમારા જીવનમાં તે ઉતારી તેને માર્ગદર્શક બનાવશો એવી શુભેચ્છા પાઠવું છું.સર્વ ઈનામ વિજેતાઓને પણ શુભેચ્છા પાઠવી શાળાના પરિણામો ૧૦૦% આવ્યા છે. તે બદલ સૌને અભિનંદન આપ્યા હતા.

આ પ્રસંગની સાથે એક દાતા ડૉ. રેશ્મા જુલ્કાના કુટુંબીજનો તરફથી અગાઉ મળેલ દાનની રકમમાંથી ૨૦૦૮ અને ૨૦૦૯ના વર્ષ દરમ્યાન ધો. ૧૦ની વાર્ષિક પરીક્ષામાં ગુજરાતી અંગ્રેજી, સામાજિક વિજ્ઞાન અને સાયન્સ અને ટેકનોલોજીમાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ અનુક્રમે શ્રી પરમાર ઘનશ્યામ કાંતિભાઈ અને પટેલ ચિંતન મહેશભાઈને પણ પારિતોષિક આપવામાં આવ્યા હતા. આ સાથે બીજા અને ત્રીજા ક્રમે આવનાર વિદ્યાર્થીને પણ પારિતોષીક આપવામાં આવ્યા હતા. ઉપરાંત અન્ય એક દાતા શ્રી કર્ણીક તરફથી પણ માર્ચ ૨૦૦૯ માં વાર્ષિક પરીણામમાં શાળા કોલેજમાં પ્રથમ આવનારને રોકડ ઈનામો આપવામાં આવ્યા હતા. કાર્યક્રમની આભારવિધિ મંત્રીશ્રી જયંતભાઈ ચોકસીએ તથા ઉદ્‌ઘોષક તરીકે શ્રી મિથિલેશ મિશ્રાએ કામગીરી કરી હતી. મુખ્ય મહેમાનશ્રીએ છેલ્લા ૫૫ વર્ષથી કાર્યરત અને ગાંધીવાદી કાર્યકર સ્વ. ગોરધનદાસ ચોખાવાળા સ્થાપિત સંસ્થાની પ્રવૃતિઓથી ખુબ જ પ્રભાવિત થઈ સંતોષ વ્યકત કરી શુભેચ્છા પાઠવી હતી.

## મુખપત્ર




**New Horizon : In search of Excellence…**
(Issue 6, 22nd December 2008)
The Sarvajanik College of Physiotherapy & Institute of Paramedical Courses.
(Sarvajanik Medical Trust, Surat).

# દક્ષિણાયન

## પ્રતિભાવ

ભાઈશ્રી અંકુયા,

તમે ''દક્ષિણાયન''ના સંપાદક છો તે જાણી ખૂબ જ આનંદ થયો. સંપાદન કાર્ય ખરેખર ખૂબ જ સરસ છે. લેખો, સમાચારો અને પુસ્તકોનો પરિચય, વિજ્ઞપ્તિ, શબ્દો તમોએ યોગ્ય જગ્યાએ સરસ રીતે ગોઠવેલ છે. એમાં તમારા કાર્યની છાંટ જણાઈ આવે છે. મારા તમને ખૂબ ખૂબ અભિનંદન. પુસ્તક પરિચયમાં તમોએ ખૂબ જ સહજતા સાથે છણાવટ કરી કોઈને પણ પુસ્તક વાંચવાનું મન થાય તેવું પાસું મૂકી રહયા છે. તે બદલ તમોને અભિનંદન.

ડૉ. ભરતસિંહ રાઠૌર
કુલસચિવ (કા.)
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

## ધ્યેય નક્કી કરો

અબ્રાહમ લિંકનની વાત છે. જયારે તે કિશોરાવસ્થામાં હતા ત્યારે 'ધ લાઈફ ઑફ વૉશિંગ્ટન' નામનું પુસ્તક ખરીદવા તેમને થોડા પૈસાની જરૂર હતી. આ માટે તેમણે મકાઈને છોલવાનું કામ ત્રણ દિવસ સુધી કર્યું હતું. તેમણે તે પુસ્તક ખૂબ જ રસપૂર્વક વાંચ્યુ અને મનમાં ગાંઠવાળી. તેમની ઓળખીતી એક મહિલા શ્રીમતી ક્રાફર્ડને કહયું કે 'હું કાંઈ આવા રોજિંદા કામો કરીને મારી જિંદગી પૂરી કરવાનો નથી.'

'તો તું શું બનવા માગે છે ?' શ્રીમતી ક્રાફર્ડે પૂછયું.

'હું પ્રમુખ બનીશ. હું ભણીશ, તૈયાર થઈશ અને મોકો મળશે એટલે પ્રમુખ બનીશ.' લિંકને જવાબ આપ્યો.

ખરેખર લિંકનના જીવનમાં મોકો આવ્યો અને તે અમેરિકા જેવા મોટા દેશના પ્રમુખ બન્યા. કારણ સ્પષ્ટ હતું. તેમણે અગાઉથી ધ્યેય નકકી કર્યું હતું.

કહેવાય છે કે વિજેતાઓ ધ્યેય નકકી કરીને આગળ વધી જતા હોય છે જયારે પરાજીતો બહાનાં શોધતા હોય છે.

(જીતો દુનિયા તમારા અભિગમથી. જે.પી. વાસવાણી, પૃ. ૬૯)

## સંપર્ક

કોલેજ ન્યૂઝ નીચે દર્શાવેલ સરનામે મોકલી આપવા વિનંતી.

બી.જે. અંકુયા
તંત્રી, 'દક્ષિણાયન'
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય
ઉધના-મગદલ્લા રોડ, સુરત-૩૯૫૦૦૭

## પુસ્તક પરિચય

**मेरा भारत : ईतिहास और संस्कृति.** લે. કિટટુ રેડડી, પ્રસ્તાવના : કિરીટ જોશી. નવી દિલ્હી : સ્ટાન્ડર્ડ પબ્લિશર્સ (ઈન્ડિયા), ૨૦૦૯. પૃ. ૪૬૩. રૂા. ૬૫૦

શ્રી અરવિંદ આંતરરાષ્ટ્રીય શિક્ષણ કેન્દ્રના ત્રણ અધ્યાપકો શિક્ષણ સંબંધી વિવેચન શ્રીમાતાજી સાથે કરી રહયા હતા ત્યારે શ્રીમાતાજીએ જણાવ્યું કે શ્રી અરવિંદના દ્રષ્ટિકોણથી ભારતનો ઈતિહાસ લખવામાં આવે. આ વિચાર એટલે જ આ ગ્રંથ. આ પુસ્તક ભારતના ઈતિહાસને વ્યકિતગત દ્રષ્ટિકોણથી લખવામાં આવ્યો છે. જીવન પ્રત્યે ભારતીય લોકોનો દ્રષ્ટિકોણ મોટાભાગે વ્યકિતગત રહયો છે. આ પુસ્તકમાં વ્યકિતઓના વ્યકિતત્વ ઉપર અધિક બળ આપવામાં આવેલ છે. આ ગ્રંથ ભારતના ઈતિહાસનું એક સામાન્ય અવલોકન કરે છે.

ગ્રંથની પ્રસ્તાવનામાં શ્રી કિરીટ જોષી લખે છે કે, ભારતના અનાદિકાળથી લઈને ૧૯૪૭માં મેળવેલી સ્વતંત્રતાના સમયની અત્યંત મહત્વપૂર્ણ આંદોલનનો એક દ્રૂતગામી વૃત્તાંત છે. ભારતની આધ્યાત્મિક પ્રતિભાનું એક અદ્‌ભૂત અવલોકન આ ગ્રંથમાં પ્રસ્તુત છે તથા ભારતની સ્વસ્થ બૌધ્ધિકતા અને અદ્‌ભૂત પ્રાણશકિતના મહત્વપૂર્ણ ઘટકોને પણ પ્રસ્તુત કરે છે.

આ ગ્રંથ બે ભાગમાં વિભાજીત છે. પ્રથમ ભાગમા : इतिहास का अध्ययन, भारतीय इतिहास की उत्पत्ति, वेद, उपनिषद, मोहनजोदडो तथा हडप्पा, महान महाकाव्य, भारतीय सामाजिक व्यवस्था, भगवान बुद्ध का अविर्भाव, प्रथम अतिक्रमण, चाणक्य, प्राचीन भारतीय राजतंत्र भाग-१-२, मौर्य व बाद के साम्राज्य, दक्षिण भारतीय साम्राज्य, शंकराचार्य, भक्ति आंदोलन, मुस्लिम आक्रमण, हिन्दुओं का पुनरुत्थान भाग-१-२, सारांश व पुनरावलोकन, मुगल साम्राज्य भाग-१-२, भक्ति आंदोलन तथा सिक्ख सम्प्रदाय, शिवाजी, अंग्रेजों का आगमन, आर्थिक शोषण, टीपू सुल्तान, रणजीत सिंह, भारतीय पुनरुत्थान. ભાગ-૨મા : सिपाही क्रांति, भारतीय राष्ट्रीय कांग्रेस, बंगाल का विभाजन, सूरत में कोंग्रेस का अधिवेशन, प्रारम्भिक क्रांतिकारी, मिन्टो-मार्ले सुधार, गृह-शासन आंदोलन, असहयोग आंदोलन भाग-१-२, नागरिक अवज्ञा आंदोलन भाग-१-२, दो क्रांतिकारी, भारत सरकार अधिनियम तथा दूसरा विश्व युद्ध, क्रिस मिशन तथा भारत छोडो आंदोलन, एक विभाजित स्वतंत्रता, सारांश तथा निष्कर्ष और अनुच्छेदનો સમાવેશ થાય છે.

બી.જે. અંકુયા, ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન

ભણી ગણીને હક જાળવવો, જેવો હોય તેવો;
નર્મદ કહે જો હોય લુંટાયો, ખોળી લડીને લેવો.

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.sgu.ernet.in

**Editor : B J Ankuya, Incharge University Librarian, VNSGU Central Library, Surat.**
**Published by : Shri J R Mehta, Registrar, VNSGU, Surat.**
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : info@kliksolutions.com